# ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનો હૂકમ

નં.એમએજી/સી/૧૪૪/૧૧/૨૦૨૧/૧

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
પોરબંદર
તા.૦૨/૦૧/૨૦૨૧

**–હુકમ–**

હાલમાં સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે અને આના કારણે વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) થી વધુ માત્રામાં કેસ તથા વધુ માત્રામાં મરણ નોધાયેલ છે. આ નોવેલ કોરોના વાયરસ (COVID-19) નો ફેલાવો શ્વાસોશ્વાસ ધ્વારા, ડ્રોપલેટ ધ્વારા સીધા સંપર્કથી થતો હોય અને હાલમાં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની પરિસ્થિતીને ધ્યાને લેતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : જીપી–૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી, તા.૧૩/૦૩/૨૦૨૦ થી ધી એપીડેમીક ડીસીસ એક્ટ–૧૮૯૭ અન્વયે નિયમો બહાર પાડવામાં આવેલ છે. તેમજ અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એનસીબી/૧૦૨૦૨૦/૨૫૬/ગ, તા.૧૩/૦૩/૨૦૨૦ થી મળેલ સુચનાઓ મુજબ તકેદારીના પગલા લેવા સુચના થઈ આવેલ છે.

હાલ કોરોનાના સંક્રમણને ધ્યાને લેતા પોરબંદર જિલ્લામાં આવેલ બાગ–બગીચા તથા પોરબંદર શહેર ખાતે આવેલ ચોપાટી અને જિલ્લામાં આવેલ અન્ય ફરવા માટે જાહેર સ્થળો તથા ધાર્મિક સ્થળો ઉપર લોકોની ભીડ એકઠી થાય તેવી શકયતાઓ રહેલી છે. નોવેલ કોરોના વાયરસ (COVID-19) ચેપી પ્રકારનો રોગ હોઈ, એક વ્યકિતથી બીજી વ્યકિતમાં ઝડપથી ફેલાઈ શકે છે. સરકારશ્રી ધ્વારા ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળોએ (COVID-19) ના ફેલાવા માટેના નિવારક પગલા સબંધમાં SOP બહાર પાડેલ છે તેમ છતાં અગમચેતી પગલારૂપે આ ગંભીર નોવેલ કોરોના વાયરસ (COVID-19) રોગને ફેલાતો અટકાવવા માટે જાહેર હિતમાં નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું **ડી.એન.મોદી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર** ફોજદારી કાર્યરિતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ ની રૂએ નીચે મુજબના સ્થળો ઉપર જવા આવવા ઉપર જાહેર જનતાને નીચે મુજબના નિયત્રંણો ફરમાવું છું.

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧. | પોરબંદર જિલ્લામાં આવેલ તમામ બાગ બગીચાઓ અને પોરબંદર શહેર ખાતે આવેલ અસ્માવતી રીવર ફ્રન્ટ | સમય : રાત્રિના ૦૯.૦૦ થી સવારના ૦૫.૦૦ કલાક સુધી જાહેર જનતા માટે સંપૂર્ણ બંધ રાખવાનું રહેશે. આ સ્થળોએ દિવસ દરમ્યાન ૪ થી વધારે વ્યકિતઓ એકઠી થઈ શકશે નહી. |
| ૨. | પોરબંદર શહેરમાં આવેલ ચોપાટી | |
| ૩. | પોરબંદર શહેરમાં આવેલ ચોપાટી ક્રિકટ ગ્રાઉન્ડ | |
| ૪. | પોરબંદર શહેરમાં આવેલ નગરપાલિકા સંચાલિત હાથી વાળુ ચોપાટીનું ગ્રાઉન્ડ | |
| ૫. | પોરબંદર શહેરમાં ચોપાટી ખાતે ઓશીયોનિક હોટેલ પાસે આવેલ ગ્રાઉન્ડ | |
| ૬. | પોરબંદર તાલુકાના ઓડદર–રતનપર રોડ ઉપર આવેલ રંગબાઈ મંદિર પાછળ આવેલ દરિયા કિનારો | |
| ૭. | પોરબંદર તાલુકાના કુછડી ગામ ખાતે આવેલ ખીમેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ દરિયા કિનારો | |
| ૮. | પોરબંદર તાલુકાના માધવપુર ગામે આવેલ દરિયા કિનારો | |
| ૯. | મંદિર, મસ્જીદ, ગુરૂધ્વારા વિગેરે ધાર્મિક તેમજ ઉપાસનાના તમામ સ્થળોએ સરકારશ્રીની ગાઈડલાઈનનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કોઈપણ પ્રકારના ધાર્મિક આયોજન માટે ૫૦ થી વધારે વ્યકિતઓ એક સાથે દર્શન/ઉપાસના માટે ઉપસ્થિત ન રહે તેની તકેદારી રાખવાની રહેશે. | |

**અમલવારીનો સમયગાળો**

આ હુકમ તા.૦૨/૦૧/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૧ (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

## વિસ્તાર

આ હૂકમ સમગ્ર પોરબંદર જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

## અપવાદ

(૧) આ હુકમ સરકારી ફરજ ઉપરના પોલીસ સહિતના કર્મચારી/અધિકારઓને લાગુ પડશે નહી.

હુ એવો પણ આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ હૂકમના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી.કલમ–૧૮૮ તળે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૨/૦૧/૨૦૨૧ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપેલ છે.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

નકલ રવાના :–

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૨. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૩. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૪. સીવીલ સર્જનશ્રી, ભાવસિહજી હોસ્પીટલ, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર (શહેર/ગ્રામ્ય) બહોળી પ્રસિધ્ધિ તથા અમલવારી અર્થે
૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર,કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૭. મામલતદાર અને એકઝી. મેજીસ્ટ્રેટશ્રી,
પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૯. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૧૦. સહાયક માહિતી નિયામકશ્રી, પોરબંદર
દૈનિક વર્તમાન પત્રમાં વિના મૂલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂં.
૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
આ સાથે ટાઈપ નકલ સામેલ છે, જેથી ગેઝેટમાં પ્રસિધ્ધી કરવા અર્થે.

નકલ સવિનય રવાના :–

૧. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર ...જાણ અર્થે.

નકલ– આ કચેરીના નોટીશ બોર્ડ ઉપર

E:\HOME\N.P\NEW SAVINAYRAJU-2015\CORONA VIRUS FILE\Unlock-1 Notification\CHOPATI CORONA VIRUS JAHERNAMU-2020 - Copy.docx